**વડીલોને વંદન**
**અભિનંદન**

**આજે જન્મદિવસ**



શારદા બી. વાણવી
(૧૯૫૯) મો. ૮૭૫૮૩૮૧૩૮૮



મહેન્દ્રકુમાર ઉમેદરામ પુરોહિત
(૧૯૩૨) ફોન: ૨૩૨ ૬૦૭૧૪

# ખાત્રજની લીંકન ફાર્મા કંપનીને એક્ષપોર્ટ મેનેજરે ૪૧ લાખનો ચુનો ચોપડયો

## પોતે શરુ કરી દીધેલી કંપનીમાં દવાઓનો જથ્થો સપ્લાય કરી લીંકન કંપની છોડી દીધી : ઈન્ટરનેશનલ એક્ષપોર્ટ મેનેજર હોવાનો લાભ ઉઠાવી લીધો

કલોલ, તા. ૩૧

કલોલ તાલુકાના ખાત્રજ વિસ્તારમાં આવેલી એક ફાર્માસ્યુટીકલ કંપનીના એક્ષપોર્ટ મેનેજરે પોતાના પિતા અને પત્ની સાથે એક નવી કંપની ખોલીને ૪૧ લાખની દવાઓનો જથ્થો પોતે ખોલેલી કંપનીમાં સપ્લાય કરી ફુલેકુ ફેરવી ખાત્રજની ફાર્મા કંપનીને ચુનો લગાવી ગયો હોવાની ફરિયાદ કલોલ તાલુકા પોલીસ મથકે કંપનીના પ્રોજેકટ એકઝીક્યુટીવે નોંધાવતા પોલીસ દોડતી થઈ ગઈ છે. કલોલ તાલુકા પોલીસે પતિ-પત્ની અને પિતા સહિત ત્રણેય વિરૂધ્ધ વિશ્વસાઘાત અને છેતરપીંડીનો ગુનો દાખલ કરી સઘન તપાસ શરુ કરી છે.

કલોલ તાલુકા પોલીસ મથકે ખાત્રજની લીંકન ફાર્માસ્યુટીકલ કંપનીના પ્રોજેકટ એકઝીકયુટીવ ભરતભાઈ બબલદાસ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ અમદાવાદના સોલા વિસ્તારમાં અનુરાગ બંગ્લોઝમાં રહેતો સંજય જીતેન્દ્રભાઈ ઝા લીંકન કંપનીમાં એક્ષપોર્ટ મેનેજર તરીકે કામ કરતો હતો. તમામ ઈન્ટરનેશનલ એક્ષપોર્ટ સંજય ઝા સંભાળતો હોવાથી તેની પાસે જ કંપનીના માલનો એક્ષપોર્ટનો પોર્ટફોલીયો હતો.

દરમિયાન વર્ષ ૨૦૧૧ પહેલા કોઈ પણ સમયે સંજય ઝા એ તેની પત્ની કોશાબેન ઝા અને પિતા જીતેન્દ્રભાઈ ઝા ત્રણેયે મળીને અમદાવાદના નવા વાડજ ખાતે જીગર એપાર્ટમેન્ટમાં એમઝોર એક્ષપોર્ટ પ્રા. લી. નામની પોતાની કંપની ખોલી દીધી. લીંકન કંપનીનો એક્ષપોર્ટ મેનેજર હોવાનો ફાયદો ઉઠાવીને તેણે તે કંપનીમાંથી રૂ. ૪૦,૯૫,૨૮૭ની કિંમતની દવાઓનો જથ્થો પોતાની જ કંપનીમાં સપ્લાય કર્યો. ત્યાર બાદ બીલીંગ કે પેમેન્ટ થયા વિના જ તેણે અચાનક લીંકન કંપનીમાં આવવા-જવાનું બંધ કરી દીધું હતું. લીંકનના સત્તાવાલીઓને આ બાબત ધ્યાને આવતા તપાસ કરી તો તેણે પોતાની કંપની ખોલીને ત્યાં ૪૧ લાખનો માલ સપ્લાય કરી ચુનો લગાવી દીધો હોવાનું જાણવા મળ્યું હતું. જેને આધારે ગઈ કાલે લીંકન કંપનીના પ્રોજેકટ મેનજેર સંજય ઝા અને તેના પિતા-પત્નિ મળીને ત્રણે શખ્સો વિરૂધ્ધ કલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. ડી.બી. વાળાએ ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે સંજય ઝા એ ૪૧ લાખનો દવાનો જથ્થો વિદેશમાં એક્ષપોર્ટ કરી નાંખ્યો છે. પોલીસે તમામ પાસાઓની તપાસ આરંભી આરોપીઓને શોધી કાઢવા કવાયત શરુ કરી છે.

# પરિવર્તન પાર્ટીના ઉપાધ્યક્ષ કાશીરામ રાણાનું હૃદયરોગના હુમલાથી નિધન

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા. ૩૧

કેન્દ્રમાં પૂર્વ મંત્રી રહી ચૂકેલા અને ગુજરાત ભાજપના એક સમયના શક્તિવાન નેતા કાશીરામ રાણાનો જીવનદીપ બુઝાઇ ગયો છે. હમણાં જ તેમણે ભાજપ છોડીને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીમાં પ્રયાણ કર્યું હતું. ૭૪ વર્ષની ઉંમરમાં પણ તેઓ ખૂબ એક્ટિવ રહ્યાં હતા.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કાશીરામને સાદાઇ ધરાવતા નેતા કહીને એવું કહ્યું હતું કે તેમણે તેમનું જીવન લોકોની સેવામાં વિતાવ્યું છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલે કહ્યું હતું કે મેં મારો નજીકનો મિત્ર ગુમાવ્યો છે. મારી પાર્ટીને કાશીરામની ખોટ હંમેશા સાલશે. તેમની સત્યની લડતની મશાલને અમે પ્રજ્વલિત રાખીશું. પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાએ કહ્યું હતું કે કાશીરામનું નામ ગુજરાતમાં જ નહીં, રાષ્ટ્રીયકક્ષાએ માનભેર લેવામાં આવે છે. તેઓ અમારી રાજકીય કારકિર્દીના અતિ નિકટના સાથી રહ્યાં છે.

કાશીરામના નિધનથી સંપૂર્ણ ગુજરાતના રાજકારણમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સુરતમાં નિકળેલી તેમની સ્મશાનયાત્રામાં હજારો રાજકીય નેતાઓ,કાર્યકરો અને શુભેચ્છકો જોડાયા હતા. પરિવર્તન પાર્ટીના ઉપાધ્યક્ષ અને સુરતના વજનદાર નેતા નવી પાર્ટીના સંમેલનોમાં હાજરી આપીને અમદાવાદના સરકીટ હાઉસમાં રોકાયા હતા ત્યારે રાત્રીના ૧.૩૦ કલાકે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. તેમને અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પરંતુ આ હુમલો એટલો જીવલેણ બન્યો હતો કે કાશીરામ રાણા પોતાનો જીવ બતાવી શકયા ન હતા.

તેમનો જન્મ ૭મી એપ્રિલ-૧૯૩૮ના રોજ થયો હતો. તેમને બે પુત્ર અને ચાર પુત્રીઓ છે. ૧૯૭૫ થી ૧૯૮૦ દરમ્યાન તેઓ ગુજરાત વિધાનસભાના સભ્ય રહ્યાં હતા. ૧૯૮૩-૮૪માં તેઓ સુરતના મેયર બન્યાં હતા. ૧૯૮૫-૮૭માં અને ૧૯૯૩-૯૬ દરમ્યાન ગુજરાત ભાજપના પ્રમુખ રહી ચૂક્યાં છે. લોકસભામાં સતત પાંચ ટર્મથી તેઓ ચૂટાઇને આવતા હતા. ઉમેદવારોમાં પરિવર્તન કરવાના આશયથી કાશીરામ રાણાને ૨૦૦૯માં લોકસભાની ટીકીટ આપવામાં આવી ન હતી.

પોતાની રાજકીય કારકિર્દી દરમ્યાન તેઓએ કેન્દ્રમાં કાપડ મંત્રીનું સ્થાન લીધું હતું. બે વખત તેઓ પ્રદેશ ભાજપના પ્રમુખ બની ચૂક્યાં છે. તેમના નેતૃત્વમાં લડાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સત્તા મળી છે. પાર્ટીમાં સાઇડટ્રેક થયેલા આ નેતા દુખી હતા તેથી તેઓએ કેશુભાઇને સાથ આપીને પરિવર્તન પાર્ટીની સ્થાપના કરી હતી. આ નવી પાર્ટીને પ્રથમ કારોબારી પહેલાં જ ટોચનો નેતા ગુમાવવો પડ્યો છે.

તેમના નશ્વર દેહને અમદાવાદ થી સુરત લઈ જવામાં આવ્યો હતો, ત્યારબાદ સાંજે તેમની અંતિમ વિધિ કરવામાં આવી હતી. આ દુખદ પ્રસંગે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિતના ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## પૂર્વ કેન્દ્રીય મંત્રી કાશીરામ રાણાના નિધન પર રાજ્યપાલશ્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી કાશીરામ રાણાના દુ:ખદ નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું છે કે સ્વ. શ્રી કાશીરામ રાણાએ સુરત મહાનગરપાલિકાના મેયર, સંસદ સભ્ય અને કેન્દ્રના મંત્રી તરીકે તેમજ સામાજિક સેવા ક્ષેત્રે ઉલ્લેખનીય સેવાઓ આપી હતી.

ઈશ્વર દિવંગતની આત્માને ચિર શાંતિ પ્રદાન કરે અને તેમના પરિવારજનોને આ અસહનીય દુ:ખ સહન કરવાની શક્તિ આપે તેવી તેમણે પ્રાર્થના કરી છે.

## સ્વ. કાશીરામ રાણાને ભાજપાની શ્રદ્ધાંજલી

અમદાવાદ, તા. ૩૧

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખશ્રી આર.સી. ફળદુએ દક્ષિણ ગુજરાતના રાજકીય નેતા તેમજ કેન્દ્રના પૂર્વ કાપડ મંત્રી શ્રી કાશીરામ રાણાના દુ:ખદ અવસાન બદલ શોકની લાગણી અનુભવી છે. સ્વ. કાશીરામ રાણા દક્ષિણ ગુજરાતમાં સતત પ્રજાના પ્રશ્નોને સંસદમાં રજૂ કરનાર એક જાગૃત અને સેવાભાવી વ્યકિતત્વ ધરાવતા સાંસદ હતા. સ્વ. કાશીરામ રાણાને ભાજપાના સમગ્ર ગુજરાત પરિવાર વતી શ્રદ્ધાંજલી અર્પી છે.

# દારૂ પી ને અગોરા મોલમાં ચાર નબીરાઓએ ધમાલ મચાવી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નજીક આવેલા અગોરા મોલમાં ગઈકાલે રાત્રે ચાંદખેડાના ચાર નબીરાઓએ દારૂના નશામાં છાકટા બનીને પાર્કિંગ બાબતે સિક્યુરીટી ગાર્ડ સાથે મારામારી કરી અડધો કલાક સુધી ધમાલ મચાવી હતી. મોલની બહાર ઉભા ઉભા દારૂ પીવાની જીદ કરીને બેઠેલા ચારેય શખ્સો અંગે પોલીસને જાણ કરાતા અડાલજ પી.આઈ. પરમાર તેમના કાફલા સાથે સ્થળ પર પહોંચી ગયા હતા.ચારેયની ધરપકડ કરીને સ્કોર્પીયો જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ગાંધીનગર પાસે સ્થિત અગોરા મોલ બહાર ગઈ રાત્રીએ સ્કોર્પીયો ગાડી લઈને આવેલા ચાર નબીરાઓએ હંગામો મચાવ્યો હતો. મોલના સિક્યુરીટી ગાર્ડ વિજયભાઈ રમેશભાઈ રાઠોડ યોગ્ય રીતે વાહન પાર્ક કરવા જણાવતા ચારેય શખ્સો માથે ચઢી બેઠા હતા. દારૂના નશામાં ચકચુર ચાંદખેડાનાં કમલસિંગ સંતોષસિંગ શેખાવત, કિશનસિંગ તેજપાલસિંગ શેખાવત, લક્ષ્મણસિંગ સતુસિંગ શેખાવત અને વૈભવ અમરસિંગ સોલંકી ચારેય શખ્સોએ સિક્યુરીટી ગાર્ડને માર મારીને અહીં જ દારૂની બોટલ ખોલીને પીવી છે તેમ કહી હંગામો મચાવ્યો હતો. આ સંદર્ભે અડાલજ પોલીસને જાણ કરતાં પોલીસ રાતે દોડી હતી. પી.આઈ. પરમારે સ્થળ પર પહોંચી ચારેય શખ્સોની ધરપકડ કરી કાર કબ્જે લઈને સઘન કાર્યવાહી શરૂ કરી છે.

### નગરસેવકોની સમિતિ..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને તેના માટે સર્વેયરો સહિતની બે ટીમ બનાવી મકાન માલીકના રૂબરૂ સ્થળ પર મેઝરમેન્ટ કરી મકાન માલિકની સહી મેળવી તે પ્રમાણે મૂળ રેકર્ડમાં સુધારો કરી અને નવેસરથી લીધેલ માપ પ્રમાણેની આકારણી પ્રમાણે પાવતી બનાવી ટેક્ષ વસુલ કરવાનો વહીવટ અમલમાં મુકવાનો રહેશે.

આકારણીના બીલો ભર્યા પછી નિયત પંદર દિવસની મર્યાદામાં જે કોઈ નાગરિકોએ વાંધા-અરજી કરી હોય તો તે વાંધા અરજીનો નિકાલ ન થાય ત્યાં સુધી ૧૮ ટકા દંડનીય વ્યાજ વસૂલ ન કરવા આજની સ્થાયી સમિતિ ઠરાવે છે.

આકારણીના બીલો ઉપર આવેલા વાંધાઓના નિકાલ ઝડપથી થાય તેના રીવ્યુ માટે શ્રી નામદેવ કે વર્સાતના અધ્યક્ષપણા હેઠળ સ્થાયી સમિતિના નીચેના સભાસદોની એક પેટા સમિતિ બનાવવામાં આવે છે.

### મેપીંગનો પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુરક્ષાના જવાનોને પણ તૈનાત કરવામાં આવશે.

તંત્ર દ્વારા હાથ ધરાયેલી તૈયારીની વિગતો આપતાં જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યુ હતુ કે ચૂંટણીની કામગીરી માટે જરૂરી માનવબળની જરૂરિયાતને પહોંચી વળવા માટે જરૂરી કર્મચારીઓની યાદી પણ તૈયાર કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે એક્સપેન્ડીયર મોનીટરીંગ માટે જ ૪૦૦ જેટલા કર્મચારીઓની જરૂરીયાત રહેશે.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતુ કે માણસાની પેટા-ચૂંટણી વખતે ખર્ચ મોનીટરીંગની કામગીરી કરી હોવાથી ઘણા બધા જિલ્લાઓને અત્યારે આપણો જિલ્લો માર્ગદર્શન આપી રહેલ છે. તેમણે જણાવ્યું હતું કે માણસા પેટા-ચૂંટણીની જેમ આ વખતની સામાન્ય ચૂંટમીમાં પણ વોટરસ્લીપ પંચ તરફથી આપવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે મતદારયાદી સુધારણા ઝુંબેશને મળેલા સારા પ્રતિસાદ પછી હવે મતદાર જાગૃતિ અભિયાન પણ છેડવામાં આવશે. આ માટેનું આયોજન ચાલી રહ્યું છે. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ચૂંટણી દરમ્યાન આચારસંહિતાનું અમલીકરણ પણ અસરકારક રીતે થાય તે જોવાશે. આ ઉપરાંત પંચની સૂચના અનુસાર વિવિધ કમિટીઓની રચના કરી દેવામાં આવી છે અને તે સમિતિના કર્મચારીઓને ચૂંટણી પ્રક્રિયાના પ્રારંભ પૂર્વે તાલિમબદ્ધ પણ કરી દેવામાં આવશે.

શ્રી સ્વરૂપે કહ્યુ હતુ કે જિલ્લામાં મતદારયાદી સુધારણા બાદ જરૂર પડયે ઓકઝીલટી મતદાન મથકો પણ ઉભા કરવામાં આવશે.

### નરોડા પાટિયા કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની ધરપકડ કરાઈ હતી. સંકંજામાં આવી જતાં કોડનાનીએ રાજીનામું આપ્યું હતું. ૧૯૯૮માં કોડનાની પ્રથમ વખત ધારાસભ્ય બન્યા હતા અને ત્યારબાદ બે વખત ચૂંટણી જીતી ગયા હતા.

વર્ષ ૨૦૦૭માં મોદી સરકારમાં કોડનાની મહિલા અને બાળવિકાસ પ્રધાન બન્યા હતા. કોડનાની ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના કરવામાં આવ્યા બાદથી ગુજરાતમાં પ્રથમ સિંધી નેતા બન્યા હતા જે પ્રધાન રહ્યા હતાજ્ જે ચકચારી કેસોમાં હજુ સુધી ચુકાદા આવી ગયા છે તેમાં ઓડ ગામ હત્યાકાંડનો સમાવેશ થાય છે. આ કેસમાં ૧૮ આરોપીઓને આજીવન કારાવાસની અને પાંચને સાત વર્ષની જેલની સજા કરાઈ હતી. વર્ષ ૨૦૧૧માં ખાસ અદાલતે ગોધરા ટ્રેન અગ્નિકાંડ કેસમાં ચુકાદો આપ્યો હતો જેમાં ૧૧ને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી જ્યારે ૨૦ને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. આ મામલામાં ૫૯ લોકોના મોત થયા હતા. ગોધરામાં સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એસ-૬ કોચને આગ ચાપી દેવામાં આવી હતી. આ ઉપરાંત સરદારપુરા હત્યાકાંડ મામલામાં પણ મહેસાણાની નિયુક્ત અદાલત દ્વારા ચુકાદો જાહેર કરી દેવામાં આવ્યો છે જેમાં ૩૧ આરોપીઓને આજીવન કારાવાસની સજા કરાઈ હતી. આ હત્યાકાંડમાં ૩૩ લોકોના મોત થયા હતા.

### સ્વચ્છતાનો નિર્ણય...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રીતે મંજૂર થાય છે તે સમજાતું નથી. તેમણે તંત્રના ઉદાસીન વલણની આકરી ટીકા કરી હતી.

મહિલા સદસ્યા શ્રીમતી મીનાબેન વાઘેલાએ પણ સફાઈના મુદ્દે તંત્ર ગંભીર બને તે માટે ભાર મુકયો હતો. તેમણે જણાવ્યું હતું કે આઉટ સોર્સીંગ એજન્સીઓ દ્વારા જો પુરતા માણસો મુકવામાં આવતા હોય તો ગંદકી થાય જ નહિ. તેમણે સખ્ત અને સઘન મોનીટરીંગની હિમાયત કરતાં જણાવ્યું હતું કે તેમની તપાસમાં જ એવી હકીકતો આવી હતી કે ૧૦માંથી પાંચ જ કર્મચારીઓ હાજર હતા. શ્રીમતિ વાઘેલાએ સેકટરોની આંતરિક સફાઈ માટે કર્મચારીઓની સંખ્યા વધારવી જોઈએ તેવું પણ જણાવ્યું હતું.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે આઉટ સોર્સીંગ એજન્સીઓને કામ કરવા બાબતે નોટીસ અપાઈ છે એટલું જ નહિ તેમની સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી છે. જો કે તમણે સઘન મોનીટરીંગ કરવાની વાતની સભ્યોની લાગણીની તરફેણ કરી અને અસરકારક સફાઈ થાય તે જોવા માટે અધિકારીઓને કડક તાકીદ કરી હતી.

આ બેઠકમાં જ પક્ષના પ્રવકતા અને કાઉન્સીલર શ્રી અશ્વિન વ્યાસે સૂચનના રૂપમાં એક પ્રસ્તાવ રજુ કરી રોજ એક સેકટરની સંપૂર્ણ સ્વચ્છતા તમામ પાર્ટટાઈમ કર્મચારીઓ સાથે કરવામાં આવે અને આ વખતે પદાધિકારીઓ અને અધિકારીઓ પણ સાથે રહે.

શ્રી વ્યાસે રજુ કરેલા પ્રસ્તાવનો સભાએ સ્વીકાર કર્યો હતો અને ૫મી સપ્ટેમ્બર પછી રોજ એક સેકટરની સંપૂર્ણ સ્વચ્છતાનું અભિયાન હાથ ધરવાનું આયોજન તંત્ર એ હાથ ધર્યું છે.

દસથી પણ વધુ સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં સ્વચ્છતાના મુદ્દે ચૂંટાયેલી પાંખ અને તંત્ર લગભગ આમને સામને આવી ગયાની સ્થિતિ સર્જાઈ છે. જો કે આજે સ્વચ્છતાના મુદ્દે સભ્યોનો આક્રોશ સાતમા આસમાને હતો. એક તબક્કે કર્મચારીઓ પુરતા હોવાની દલીલને પણ સભ્યોએ ઠુકરાવી દઈ અને ગંભીર બની કામ કરવા સુણાવી દીધું હતું.


કેન્દ્ર સરકારની કંપની HPCLની
બેવડી નીતિ

| HPCL હૈદરાબાદ (આંધ્રપ્રદેશ) | HPCL અમદાવાદ |
| --- | --- |
| CNG Rate 43.50 Rs./Kg | CNG Rate 56.90 Rs./Kg |

આંધ્રપ્રદેશમાં સસ્તો CNG
જ્યારે
ગુજરાતમાં મોંઘો CNG

અને હા, આંધ્રપ્રદેશમાં CNG ઉપર 14.50% વેટ છે!

CNG પર લેવાતા VATની
સાચી હકીકત જાણો.

ગુજરાતની પ્રજા,
ગેરમાર્ગે ના દોરવાશો

અન્ય રાજ્યોમાં CNG ઉપર VAT 4% નહી પણ આટલો છે

| | |
| --- | --- |
| આંધ્રપ્રદેશ | 14.50% |
| રાજસ્થાન | 14.00% |
| મધ્યપ્રદેશ | 13.00% |
| ઉત્તરપ્રદેશ | 13.50% |
| મહારાષ્ટ્ર | 12.50% |

ગુજરાત સરકાર